

લોકભારતી સ્થળ પસંદગી માટે આવળિયાટ તરીકે ઓળખાતી પડતર જમીનનું નિરીક્ષણ કરતાં સર્વશ્રી નાનાભાઈ, ઢેબરભાઈ, મનુભાઈ, ભીમાબાપા અને જયાબેન... વગેરે...

# લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

ગ્રામણી ઉચ્ચ શિક્ષણનો એક નીવડેલો અભિનવ પ્રયોગ







સંસ્થાના આદ્યસ્થાપકો



આવળિયાટ જંગલમાં રચાયું હરિયાળું શિક્ષણ-મંગલ

## લોકભારતી : પ્રારંભ

પૌરાણિક કથા અનુસાર વિષ્ણુ ભગવાનના વામન અવતાર ત્રિવિક્રમે જેમ ત્રણ ડગલાં ભરેલાં તેમ, શ્રી નાનાભાઈ ભટ્ટે પણ પોતાના જીવનકાળ દરમિયાન ત્રણ શિક્ષણ પગલાં ભરેલાં અને તેને લીધે જાણે ભારતના ગ્રામ ઉચ્ચ શિક્ષણના આખા કલેવરે એક નવું સ્વરૂપ ધારણ કર્યું.

**પ્રથમ પગલું :** તેમણે ભાવનગરની શામળદાસ કૉલેજની પ્રતિષ્ઠાભરી પ્રાધ્યાપક તરીકેની નોકરી છોડી ભાવનગર શહેરમાં ઈ.સ. ૧૯૧૦માં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન' ની સ્થાપના કરી.

**બીજું પગલું :** ભાવનગરમાં આવેલી પોતાની પ્રતિષ્ઠિત દક્ષિણામૂર્તિ-સંસ્થા છોડીને ગામડાંઓના સર્વાંગીણ વિકાસ માટે ઈ.સ. ૧૯૩૮માં ગ્રામાભિમુખ કેળવણી માટે વિકાસમાં લીન થઈ ગયા. શ્રી દક્ષિણામૂર્તિદેવની કૃપાથી તેમને શીલભદ્ર સાહિત્ય સર્જક, કેળવણીકાર અને ગાંધીવિચારના મર્મજ્ઞ શ્રી મનુભાઈ પંચોળી; આ જન્મ કેળવણીકાર અને વિદ્યાર્થી વત્સલ ગૃહપતિ શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ અને નખશિખ શિક્ષક વાત્સલ્યમૂર્તિ શ્રી ન. પ્ર. બુચ વગેરે જેવા ઉત્તમ સાથીદારો મળ્યા.

**ત્રીજુ પગલું :** ૭૧ વર્ષની જૈફ વયે, સણોસરા (જિ. ભાવનગર) ગામે ઉચ્ચ શિક્ષણ માટેની દેશની સર્વ પ્રથમ ગ્રામવિદ્યાપીઠ લોકભારતીનો ૨૮મી મે ૧૯૫૩ વૈશાખી પૂનમ, બુદ્ધ જયંતીના રોજ પ્રસિદ્ધ ગાંધીજન શ્રી કાકાસાહેબ કાલેલકરના વરદ્ હસ્તે શુભારંભ કરાવી, ભારતીય સંસ્કૃતિને અનુરૂપ એવા ગ્રામીણ ઉચ્ચ શિક્ષણનું બીજારોપણ કરાવ્યું.

## સંસ્થા-સ્થળ

ભાવનગર-રાજકોટ ધોરીમાર્ગ ઉપર, લોકભારતી, ભાવનગરની પશ્ચિમે ૪૫ કિ.મી. અને રાજકોટથી પૂર્વમાં ૧૩૦ કિ.મી.ના અંતરે, ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના સણોસરા ગામે, રળિયામણી ટેકરીઓની તળેટીમાં નાનકડી સીંદરી નદીના કાંઠે, ૧૬૫ એકરમાં પથરાયેલી છે. અહીં ૭૭૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનો જુદાં જુદાં દસ છાત્રાલયોમાં અને ૧૦૦ જેટલાં કાર્યકરો તેમનાં ૩૦૦ જેટલાં પરિવારનાં સભ્યો સાથે કાર્યકર નિવાસોમાં એક મોટા પરિવારની જેમ રહે છે. આ સહનિવાસ, સામૂહિક જીવન-શિક્ષણના પ્રયોગો માટેનું પ્રેરક એવું માતા-ગુરુ સમાન ભાવાવરણ પૂરું પાડી, સંસ્થાની સમગ્ર કેળવણીને જીવંત રાખે છે.

## ધ્યેય

લોકભારતીનું ધ્યેય લોકાભિમુખ કેળવણીના સ્થિર જ્યોત-પ્રકાશને, આપણા દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ એવા ટકાઉ વિકાસ માટે, ગામડાંના ગરીબમાં ગરીબ-છેવાડાના માણસનાં ઝૂંપડાં સુધી ફેલાવવાનું રહ્યું છે.

'લોકભારતી' એક ગ્રામ યુનિવર્સિટીથી કંઈક વિશેષ છે. આ એક નવ આંદોલન છે. રોજિંદા વ્યવહારમાં પ્રગટતું સંતુલિત જીવનદર્શન છે. આદર્શોનું વ્યવહારીકરણ છે. આ એક એવી ગ્રામીણ ક્રાંતિ છે, કે જે આ દેશના એવા લોકોને ઉચ્ચ શિક્ષણ પૂરું પાડે છે કે જેઓને તેની ખાસ જરૂર છે. તે અભિનવ પ્રકારની, ગ્રામીણ-લોક જીવનને બધાં પાસાંમાં સુધારી-સંવર્ધિત કરતી, સ્વાવલંબી જીવનશૈલીને પોષનારી કેળવણી-શિક્ષણ પ્રણાલી છે.

## દર્શન-ધ્યાનમંત્ર

**विद्यां च अविद्यां च यस्तद् वेदोभयं सह ।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ।।**

ઈશોપનિષદના આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે તેમ, મનુષ્યને ભૌતિકવિદ્યાઓ અને કૌશલ્યો કે જેને 'અવિદ્યા' કહી છે-ની મદદથી જીવનની જવાબદારીઓ, સામાજિક ફરજો અને દુન્યવી જરૂરિયાતો પૂરી થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો 'અવિદ્યા' જીવનરૂપી સમુદ્ર પાર કરવામાં




જન્મથી મરણ સુધી પૂરતાં શક્તિ અને સામર્થ્ય પૂરાં પાડે છે.

જીવનની આ સફળતાપૂર્વકની યાત્રા દરમિયાન જ મનુષ્યે 'વિદ્યા' દ્વારા અધ્યાત્મનું અમૃતત્વ પ્રાપ્ત કરવાનું છે.

આમ, લોકભારતી દષ્ટિપૂર્વકનું સ્વપ્ન 'વિદ્યા'અને 'અવિદ્યા' બંનેને સાથે પ્રાપ્ત કરી, દુન્યવી તેમજ આંતરિક વિકાસ માટે માનવીય અભિગમ કેળવવાનું છે.

## કાર્યપ્રણાલી

એકવીસમી સદીના શિક્ષણ માટે ખાસ ચિંતન કરવા નીમાયેલા આંતરરાષ્ટ્રીય કમીશનમાં દુનિયાના વિવિધ ક્ષેત્રના ૧૫ ખ્યાતનામ વિદ્વાન સભ્યો હતા. તેણે 'શિક્ષણ : ભીતરનો ખજાનો' (Learning : the treasure within) નામે એક અહેવાલ UNESCOને સુપરત કર્યો હતો. આ માર્ગદર્શક અહેવાલમાં શિક્ષણ માટેના પાયાનાં જે ચાર મૂલ્યો-સ્તંભો રજૂ કરવામાં આવ્યાં છે તે નીચે મુજબ છે.




૧. માહિતી - જ્ઞાન મેળવવા માટેનું શિક્ષણ (Learning : to Know) (વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ, શિક્ષણમાં અનુબંધ, પરીક્ષાનાં દૂષણોની બાદબાકી અને સ્વાનુભવ અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ)



૨. કાર્યો શીખવા માટેનું શિક્ષણ (Learning : to Do) (પ્રવાસ, મુલાકાત, ઉત્સવોની ઉજવણી, શિબિરો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સમાજોપયોગી ઉત્પાદક શરીર શ્રમ)



૩. સંપીને સાથે રહેવા માટેનું શિક્ષણ (Learning : to Live together) (છાત્રાલયોમાં સમૂહ જીવન, સહશિક્ષણ, વિદ્યાર્થી સલાહ કેન્દ્ર, વિદ્યાર્થી મંડળ)



૪. અસ્તિત્વની સાર્થકતા પામવા માટેનું શિક્ષણ (Learning : to Be) (સજા, સ્પર્ધા અને ઈનામ-લાલચનો અભાવ, સ્વ-વિકાસ, આધ્યાત્મિક વિકાસ અને સૌંદર્યબોધ આધારિત જીવનની અખંડિતતાની કેળવણી)

આ ભલામણોને નઈતાલીમ શિક્ષણના સિદ્ધાંતો સાથે સરખાવતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે સમપોષિત અને વૈશ્વિક શિક્ષણના સિદ્ધાંતો, ૧૯૩૭માં નઈ તાલીમ શિક્ષણ પદ્ધતિની શરૂઆત વખતે રજૂ કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ લોકભારતીએ અપનાવેલી શિક્ષણ પ્રાણલીની સંવર્ધિત આવૃત્તિ સમાન છે.

ઉપરોક્ત અહેવાલમાં વર્તમાન શિક્ષણપ્રથા માટે સૂચવાયેલાં અગત્યનાં લક્ષણો જેવાં કે મૂલ્યાંકનમાં ગુણાંકને બદલે ગુણ-કક્ષા-વર્ગ, સમૂહ જીવન, વર્ષભર પરીક્ષણ-મૂલ્યાંકન, સ્વમૂલ્યાંકન, પ્રવૃત્તિ દ્વારા સમાજ સાથે અનુબંધિત શિક્ષણ, અનુભવ-લાગણી-પ્રવૃત્તિ કેન્દ્રી શિક્ષણ, પરીક્ષાકેન્દ્રી નહીં પણ જીવનકેન્દ્રી શિક્ષણ, માતૃભાષામાં શિક્ષણ વગેરે લોકભારતીમાં તેના સ્થાપનકાળ સને ૧૯૫૩થી જ અમલમાં છે.

## લોકભારતીની વિશેષતાઓ

- શિક્ષણમાં અનુભવ અને અનુબંધને સવિશેષ મહત્ત્વ આપી વિદ્યાર્થીઓમાં દેશના પાયાના એકમસમાં ગામડાંઓ પ્રત્યે સહાનુભુતિ-રસ-સક્રિયતા પેદા કરે તેવું ગ્રામાભિમુખ શિક્ષણ.
- વૈધિક અને અવૈધિક શિક્ષણના વિવેકપૂર્ણ સમન્વયથી જન્મતું જીવન શિક્ષણ



- વિદ્યાર્થીના માનવીય-સર્વાંગીણ વિકાસ માટે અહીંની કેળવણીના આયોજનમાં ચારિત્ર્યઘડતરના ઘરુવાડિયા સમાન છાત્રાલય-જીવન અનિવાર્ય અને કેન્દ્ર સ્થાને હોવાથી આપોઆપ બનતું અભ્યાસક્રમનું પણ એક અભિન્ન અંગ.
- સામાજિક સંવેદના અને સમજણ સાથે જીવન કૌશલને ખીલવતાં ગુણવત્તાસભર શિબિરો અને પ્રવાસો.
- સમાજોપયોગી ઉત્પાદક શરીરશ્રમ દ્વારા અપાતી સ્વાશ્રય પ્રેરક અને વ્યાપક જીવનલક્ષી કેળવણી.
- વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારોનો કાયમી સહનિવાસ અને માર્ગદર્શિત બની રહેતું સહશિક્ષણ.
- સ્વાધ્યાય, વિદ્યાવિસ્તરણ, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન તેમજ ઈનામ-સ્પર્ધામુક્ત શિક્ષણ પ્રણાલી દ્વારા થતું નક્કર-સ્વસ્થ વિદ્યાલક્ષી જીવન ઘડતર
- ઉચ્ચ શિક્ષણ માટેનાં ઉપકારક પ્રવૃત્તિ તત્ત્વો જેવાં કે શિક્ષક-વિદ્યાર્થી-સંબંધ-ખાદી-સાદાઈ-સ્વાવલંબન-સ્વયં શિસ્ત-પ્રાર્થના-ભણતાં ભણતાં કમાણી દ્વારા થતી જીવનની સમગ્રતાલક્ષી વ્યવહારું કેળવણી.

## ઝાડનાં પારખાં ફળ ઉપરથી

સંસ્થાના કામના મૂલ્યાંકનરૂપે લોકભારતીના પૂર્વ વિદ્યાર્થીઓના કામની અનુભવકથાઓ 'ઝાડનાં પારખાં ફળ ઉપરથી' એ નામે પ્રગટ થઈ છે. વાપીથી કચ્છ અને પાલનપુરથી પોરબંદર સુધી સમગ્ર ગુજરાતમાં ફેલાયેલાં અને કેટલાંક ગુજરાત બહાર પોતાનું કાર્યક્ષેત્ર બનાવેલા પૂર્વવિદ્યાર્થીઓએ શિક્ષણ, કૃષિ, વિસ્તરણ, ગોપાલન, જાહેર જીવન, ગ્રામોત્થાન, સાહિત્ય વગેરે નોંધપાત્ર કામગીરી કરી છે. એ પૈકી કેટલાંકને તો રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાનાં સન્માન/એવોર્ડ પ્રાપ્ત થયાં છે. લોકભારતીએ પણ સન ૧૯૮૯થી વિવિધ સ્વકર્તુત્વથી સમાજમાં વિશિષ્ટ પ્રદાન કરેલ હોય તેવા પોતાના પૂર્વવિદ્યાર્થીઓને સન્માનવાનું શરૂ કરેલ છે.

## લોકભારતીની પ્રોત્સાહક સ્વીકૃતિ

૧૯૫૩માં સંસ્થાની સ્થાપનાના ગાળામાં જ ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીની પ્રેરણાત્મક સંસ્થા-મુલાકાતથી 'લોકભારતી'નું જાણે પ્રારંભથી જ સામાજિક મહત્ત્વ વધી ગયું. એ પછી વળી ૧૯૬૪માં ભારતના તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેનજીએ પણ લોકભારતીની તેમની મુલાકાત પછી તેમના એક રાષ્ટ્રજોગ વાયુ પ્રવચનમાં કહ્યું કે લોકભારતીની તેમની મુલાકાત પછી નઈતાલીમ શિક્ષણ પદ્ધતિ પ્રત્યેની પોતાની શ્રદ્ધા ફરી વધુ દઢ થઈ છે. આ આશા-શ્રદ્ધાને જીવંત રાખવા લોકભારતી આજેય પ્રત્યનશીલ છે.

લોકભારતીની શિક્ષણ પ્રણાલીના પાયાના ત્રણ સ્તંભ : શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની દીર્ઘયાત્રા દરયિમાન લોકભારતી વિશે (બી.બી.સી.ના માર્ક ટુલી નિદર્શિત સહિતની) દસ્તાવેજી ફિલ્મો, રેડિયો વાર્તાલાપ, પરિચય લેખો-અભ્યાસ લેખો, પુસ્તકો, રીવ્યૂ, પીએચ.ડી. થિસિસ, વિશેષાંકો, જાહેર વ્યાખ્યાનો, સેમિનાર, પ્રદર્શનો, નાટ્ય-પ્રયોગો વગેરે પ્રકાશિત થતાં રહ્યાં છે.

લોકભારતીનાં કેટલાક કાર્યકરો-વિદ્યાર્થીઓ પણ તેમના શિક્ષણ, સાહિત્ય, લલિત-કળા, સમાજસેવા, વિજ્ઞાન, પ્રજાકીય વહીવટ, કૃષિ, પશુપાલન, બાગાયત, વનસંરક્ષણ, પોલીસ-લશ્કરી સેવા, રાજકારણ અને વિવિધ જાહેર અને ખાનગી ક્ષેત્રે નોંધપાત્ર સહયોગ બદલ રાજ્ય કક્ષાએ કે રાષ્ટ્રકક્ષાએ વિવિધ પુરસ્કારોથી સન્માનિત થયાં છે.

અહીં તમામ શૈક્ષણિક વિભાગોમાં દર વર્ષે પ્રવેશ મેળવવા માટે થતો ધસારો આ શિક્ષણ પ્રાણલીની સામાજિક સ્વીકૃતિ કહી શકાય.



## લોકભારતી - લોકસેવા મહાવિદ્યાલય (Bachelor of Rural Studies)

સંસ્થા-સ્થાપકોના મનમાં તો સ્પષ્ટ જ હતું કે આ ગ્રામવિદ્યાપીઠ ગામડાંને જરૂરી એવી મૂલ્યનિષ્ઠ નિર્ભીક અને સક્ષમ નેતાગીરીનું નિર્માણ કરવા સ્થપાઈ છે. ગામડાંની પુનઃરચના માટે નિષ્ણાત કૃષિવિદો, ગોપાલકો, સહકારી પ્રવૃત્તિના તજજ્ઞો, સ્થાનિક સ્વરાજના જાણકારો અને સંનિષ્ઠ-કુશળ શિક્ષકો... એમ પંચવિધ કાર્યકરોની ફોજ ઊભી કરવાની છે. વિદ્યાર્થી ગામડાંમાં રહેવાં, ગામડાં સુધારવા, ગામડાં વિકસાવવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય તેવું સ્વપ્ન સ્થાપકોએ સેવેલ છે.

આવા આશાભર્યા પુરુષાર્થનો પ્રારંભ તા.૨૮-૦૫-૧૯૫૩ માં થયો. સન ૧૯૬૮માં રાજકોટ સ્થિત 'સૌરાષ્ટ્ર યુનિ.'એ તેમની 'ગ્રામવિદ્યાશાખા' તરીકે યુનિવર્સિટી જગતની સર્વપ્રથમ નવી જ વિદ્યાશાખા તરીકે સંપૂર્ણ સ્વાયત્તતા સહિત જોડાવા આમંત્રણ આપ્યું અને સ્નાતકની ડીગ્રીને Bachelor of Rural STudies - B.R.S. તરીકે નવું નામાભિધાન મળ્યું. ભૌતિકવિદ્યા અને માનવીયવિદ્યાના આ સમન્વિત-સમતોલ અભ્યાસક્રમમાં અનુભવે જરૂરી ફેરફાર કર્યા પછી આ સ્નાતક કક્ષાના અભ્યાસનો સમયગાળો ત્રણ વર્ષનો કરાયો. યુ.જી.સી.એ સન ૧૯૭૮થી આ મહાવિદ્યાલયને ગુજરાતના સર્વપ્રથમ 'સ્વાયત્ત મહાવિદ્યાલય'નો દરજ્જો આપ્યો. ગુજરાત સરકારના નિર્ણય અનુસાર સન ૧૮૯૭થી 'મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી' સાથે જોડાવાનું થયું. સન ૨૦૦૯થી અહીં સેમેસ્ટર પદ્ધતિ અને પસંદગીના વિશેષ વિષયોના અભ્યાસનો ગુણલાભ(Choice Base Credit System-C.B.C.S.) પણ અમલમાં મૂકવામાં આવેલ છે.





## લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન

લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના એક સ્વાયત્ત અને સ્વાવલંબી ગ્રામ ઉચ્ચ શિક્ષણની સંસ્થા સ્વરૂપે જ થયેલી. સ્વતંત્રતા, લૌચિકતા, ગ્રામાભિમુખતા, સમૂહજીવન, ગ્રામોદ્યોગ, શરીરશ્રમનું ગૌરવ, સહકારી પ્રવૃત્તિને પ્રાધાન્ય, સ્વઅભ્યાસક સંસ્કારઘડતર સાથેની રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીનો અમલ અને વિદ્યાર્થી-વત્સલ ભાવવારણને વરેલી લોકભારતી યોગ, ઉદ્યોગ અને સહયોગના વિવેકપૂર્ણ સમન્વયથી કાર્યરત થયેલી. કાળાંતરે સંસ્થા, વિદ્યાર્થી, વાલી અને કાર્યકરોને યોગ્ય જણાતાં લોકભારતીએ યુનિવર્સિટી અને સરકાર તરફથી આવેલા માનપૂર્વકનાં જોડાણોના આમંત્રણોને સ્વીકાર કર્યો. આ જોડાણોએ લોકભારતીનો વ્યાપ વધારવામાં સંતોષકારક પરિણામો આપ્યાં. લોકભારતીત્વનું અસ્તિત્વ ટકાવી રાખવા અને ગાંધીવિચાર પ્રેરિત ગ્રામ ઉચ્ચ શિક્ષણની સ્થિર થયેલી ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિને ટકાવી રાખતી કેળવણી-પ્રણાલીનાં બીજને જીવંત રાખવા સંસ્થાએ વર્ષો સુધીની પુખ્ત વિચારણાના અંતે સ્વનિર્ભર યુનિવર્સિટી બનાવવાનો નિર્ણય કર્યો. સંસ્થાને પોતીકા ગણતાં વિશ્વવંદનીય આ.શ્રી મોરારિબાપુના વરદ હસ્તે દીપપ્રાગટ્ય કરીને તા. ૧૭, જુલાઈ, ૨૦૨૨થી લોકભારતી યુનિવર્સિટીના શ્રી ગણેશ થયાં.

વિશ્વ કક્ષાએ ભારત 'વિજ્ઞાન' ક્ષેત્રે ઘણું અમીર છે, પણ રોજિંદા જીવનમાં વૈજ્ઞાનિક વલણોના અમલીકરણમાં ઘણું ગરીબ છે. શિક્ષણના તમામ ક્ષેત્રે સંશોધનાત્મક વલણોની કેળવણીનો સંપૂર્ણ અભાવ જણાય છે. જ્ઞાન, વિજ્ઞાન, સાહિત્ય અને અધ્યાત્મના સમન્વય સાથેની સંવાદી અને માનવીય અભિગમ ધરાવતી ટેક્નોલોજી જ માનવ જાતને ઉગારી શકે તેમ છે. લોકોના જીવાતા જીવનમાં જ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજીના સ્થાયી વિકાસને સાચવીને થતા



ઉત્પાદકતા વધારવાના અમલીકરણ દ્વારા સામાન્ય લોકોના જીવનમાં પ્રસન્નતા બક્ષવાનો મનોરથ લોકભારતી યુનિવર્સિટીનો છે.

વૈજ્ઞાનિક સર્વે દ્વારા લોકોના પ્રશ્નો, મૂંઝવણો, અડચણો, અવરોધો, કંટાળો, જોખમો વગેરેનો અભ્યાસ કરીને નિદાન કરાશે અને તેના ઉકેલ માટેના સંશોધનો કરવા જરૂરી એવી ભાષા સહિત તમામ અનુભવ આધારિત કેળવણી અપાશે. જીવાતા જીવન સાથે અનુબંધ સાધી આપતી પ્રત્યક્ષ કેળવણી આ યુનિવર્સિટીની ફલશ્રુતિ બની રહેશે. યુવાનોને મોજ સાથે અત્મનિર્ભર-સ્વાવલંબી બનાવતી કૌશલ્યોની રોજગારલક્ષી કેળવણી આપવા અદ્યતન સાધનોથી સુસજ્જ એવી પ્રયોગશાળાઓ સ્થાપવામાં અને દેશ-દુનિયાના જે તે ક્ષેત્રના તજજ્ઞોને આમંત્રવામાં લોકભારતી ક્યારેય કંજુસાઈ નહીં કરે. માત્ર અભ્યાસક્રમ આધારિત અપાતા પરીક્ષાલક્ષી શિક્ષણના સ્થાને વિષયોના વાડાઓ કૂદી જઈને જીવનશિક્ષણની સમગ્રતાને અને જીવનની અખંડતતાને પ્રાધાન્ય આપતી અને ૭૦ વર્ષના પ્રાણવાન અનુભવ ધરાવતી લોકભારતી તેની યુનિવર્સિટીને પણ અજોડ બનાવશે.

લોકભારતી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અનોખી રીતે ભણે છે, જેને નીચેના માળખા દ્વારા સરળતાથી સમજી શકાશે:

- ૨૦% વર્ગખંડમાં લેક્ચર
- ૩૦% મલ્ટીમીડિયા લેક્ચર
- ૫૦% પ્રેક્ટિકલ

આ વિશેષ પદ્ધતિ માટે લોકભારતી યુનિવર્સિટીને વર્ષ ૨૦૨૩માં એજ્યુકેશન વર્લ્ડ દ્વારા દિલ્લી ખાતે ભારતની પ્રથમ ૧૦ યુનિવર્સિટીઓમાં ત્રીજો ક્રમ આપીને એવોર્ડ આપવામાં આવ્યો છે.

### લોકભારતી યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો

ધોરણ-૧૨ પાસ કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નીચે આપેલા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે

1. **BRS** (અગ્રોનોમી-કૃષિવિદ્યા)
2. **BRS** (પશુપાલન અને ડેરી વિજ્ઞાન)
3. **BA** (અંગ્રેજી)
4. **BA** (મનોવિજ્ઞાન)
5. **BVoc** (પ્રાકૃત્તિક કૃષિ)
6. **BVoc** (અગ્રો-પ્રોસેસિંગ)
7. **BBA** (એગ્રી-બિઝનેસ મેનેજમેન્ટ)

ગ્રામબંધુ ફેલોશિપ : સ્નાતક થયેલ કોઈપણ વિષય/વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ 'ગ્રામબંધુ ફેલોશિપ'માં જોડાઈ શકે છે, જેમાં પસંદ થયેલ વિદ્યાર્થી અભાવગ્રસ્ત ગામડામાં સ્વૈચ્છિક જીવનભર સામાજિક/રચનાત્મક કાર્યો કરી શકે તેવું માધ્યમ પૂરું પાડશે. શરૂઆતના બે વર્ષ ફેલોશિપ સાથેની તાલીમ મેળવશે.

આ ઉપરાંત અહીંયા Ph.D. પણ થાય છે. લોકભારતી યુનિ. ફોર રૂરલ ઈનોવેશનના પ્રત્યેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ 'રૂરલ ઈનોવેશન' ને ધ્યાનમાં લઈને પોતાના વિષય-શિક્ષણને વિચારતા થાય છે.

વધુ માહિતી માટે : **http://www.lokbharatiuniversity.edu.in/**







## લોકભારતી અધ્યાપન મંદિર

**D.El.Ed. (Diploma in Elementary Education)**

ગામડાંના સમતોલ વિકાસમાં શિક્ષકની ભૂમિકા ઘણી મહત્ત્વની રહી છે. બહુવિધ ક્ષમતાવાળા કહી શકાય તેવા કેળવાયેલા તાલીમી શિક્ષકો તૈયાર કરવાનું પ્રારંભ કાળથી જ જરૂરી જણાયું હોવાથી, લોકભારતીની સ્થાપના પહેલાં જ માતૃ-સંસ્થા ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા સંસ્થામાં અધ્યાપન મંદિરની સ્થાપના તા.૦૩-૦૮-૧૯૪૮માં કરવામાં આવી. પ્રવેશવિધિ, પરીક્ષા-મૂલ્યાંકન, પરિણામ-પ્રમાણપત્ર, શિક્ષણમાં પ્રયોગો કરવાની સ્વતંત્રતા વગેરે બાબતોમાં રાજ્ય સરકાર તરફથી પૂરી સ્વાયત્તતા-માન્યતા પામનાર આ અધ્યાપન મંદિરને વધારે સક્ષમ કરવાના હેતુથી ૧૯૫૪માં લોકભારતી પરિસરમાં સ્થળાંતરિત કરવામાં આવ્યું. સન ૨૦૦૨થી વિદ્યાર્થીઓના પ્રવેશવિધિનો અધિકાર કેન્દ્રીયકૃત ધોરણે હવે રાજ્ય સરકારે પોતાના હસ્તક રાખેલ છે. ઉચ્ચ માધ્યમિક કક્ષા પછીના બે વર્ષના આ તાલીમી અભ્યાસક્રમને ૧૯૯૮થી ક્ષમતાલક્ષી બનાવ્યો છે. અને તેને સન ૨૦૦૦માં રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષા પરિષદ (National Council for Teacher Education) ની માન્યતા પ્રાપ્ત થઈ છે.





## પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર

તા.૦૨-૧૦-૧૯૬૩માં પંચાયતીરાજ તાલીમ કેન્દ્રની શરૂઆત થઈ. સરકારશ્રી તરફથી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી મોકલાવામાં આવતા તાલીમાર્થીઓ જેવા કે ગ્રામસરપંચ, ઉપસરપંચ, જિલ્લા પંચાયતના સભ્યો, તલાટી, મંત્રી, પંચાયત - સહાયક, ગ્રામ સેવક વગેરે પદાધિકારીઓ સેવકોને અહીં પૂર્વતાલીમસેવા, ઓપવર્ગ, પાયાની તાલીમ, પોષક આહાર તાલીમ વગેરે સાપ્તાહિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક એવા વિવિધ તાલીમગાળામાં વર્ગખંડ, જૂથચર્ચા, પરિસંવાદ, કાર્યશાળા, પ્રદર્શન, નિદર્શન, મુલાકાત, પર્યટન, ફિલ્મશો જેવી શિક્ષણ પદ્ધતિઓથી સરળ, અસરકારક અને ઉપયોગી તાલીમ આપવાનો પ્રયત્ન થાય છે.

### સ્થગિત થયેલા શૈક્ષણિક વિભાગો

(૧) તા.૧૭-૬-૧૯૬૯થી તા.૧૭-૧-૨૦૨૩ સુધી કાર્યરત રહેલ સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલય અને (૨) તા. ૧-૮-૧૯૯૨ થી તા.૨૫-૮-૨૦૨૧ સુધી કાર્યરત રહેલ અનુસ્નાતક કેન્દ્ર (M.R.S.) સરકારશ્રીની નીતિઓને પરિણામે હાલ બંધ છે. અનુકૂળતાઓ ઊભી થતાં આ પ્રકારનો અભ્યાસક્રમ પુનઃ ચાલુ કરવાના પ્રયત્નો કરીશું.

## પંડિત સુખલાલજી લોકવિદ્યાલય, માતૃધારા

શિક્ષાર્થી શરીરશ્રમ, સમૂહજીવન અને સમાજસેવા દ્વારા જીવનનો આનંદ પામતો થાય તેવા ટોલ્સટોયના સ્વપ્નને સાકાર કરતી, જીવનનું અખંડ દર્શન કરાવતી કેળવણી આપવા સંસ્થાના સ્થાપકો સંચાલકોને પ્રોત્સાહિત કર્યા અને તેમાંથી તા.૨૧-૪-૧૯૭૯ના રોજ જનમ્યું પાલીતાણાથી વીસેક કિ.મી. અંતરિયાળ ગામ માઈધારનું 'પંડિત સુખલાલજી લોકવિદ્યાલય', માતૃધારા. જ્ઞાનપ્રાપ્તિનો દરવાજો માત્ર મગજ જ નથી; આંખ-કાન-હાથ-પગ પણ સક્ષમ દરવાજા છે. તે અનુભવે જાણીને અભિવ્યક્તિ માટે ભાષા કરતાં પ્રવૃત્તિ-અનુભવને વિશેષ ભાર આપતી સંપૂર્ણ અવૈધિક શિક્ષણ પદ્ધતિ દ્વારા ગ્રામીણ લોકોની સીધી કેળવણી કરીને ગામડાંઓમાં કોઠાસૂઝરૂપી ઢગલાઓને ફોળીને ગ્રામસેવકો પેદા કરનારું પાવરહાઉસ બનાવવાના ઉદ્દેશથી શરૂ કરેલ આ કેન્દ્ર દર્શક જન્મશતાબ્દી નિમિત્તે ૨૦૧૪થી પુનઃ ધબકતું થઈ ચૂક્યું છે. હાલમાં આ કેન્દ્રમાં (૧) ધોરણ ૯થી ૧૨ની નિવાસી માધ્યમિક શાળા (૨) આજુબાજુના એંશી ગામોની પ્રાથમિક શાળાઓમાં મોજીલું શિક્ષણ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. (૩) અવિષ્કાર વિજ્ઞાન



કેન્દ્રમાં રોજની એક શાળાના સોએક વિદ્યાર્થી આસપાસની પચાસેક શાળાઓમાંથી જાતે પ્રયોગો કરીને સ્વઅભ્યાસુ બનવા આવે છે. (૪) આસપાસના ત્રીસેક ગામોના ખેડૂતો સાથે જીવંત સંબંધ ધરાવતું કૃષિ કેન્દ્ર કાર્યરત છે.

## કૃષિ સંશોધન કેન્દ્ર






વૈજ્ઞાનિક દષ્ટિએ માનવતાવાદી વલણ ધરાવતા કૃષિવિજ્ઞાની ડૉ. ઝવેરભાઈ પટેલ પીએચ.ડીની ડીગ્રી અમેરિકામાં મેળવીને સને ૧૯૬૭માં લોકભારતી આવ્યા અને અહીં સંશોધનકાર્ય શરૂ કર્યું. ઘઉંની જાતી એસ-૩૦૮ અને એસ-૩૧૧ના સંકરણથી દેશમાં સૌથી વધુ ઉત્પાદન આપતી ઘઉંની નવી જાત શોધી જે 'લોક-૧' નામથી ઓળખાઈને ભારતભરમાં ખૂબ સ્વીકૃત - પ્રસિદ્ધ થઈ. સન ૧૯૮૧થી આજ પર્યંત આપણા દેશની ઘઉંની અન્ય જાતોમાં સૌથી વધુ ઉત્પાદન આપનાર 'લોક-૧' જાત અહીં શોધાઈને-પ્રસરીને એક સીમાચિહ્નરૂપ બની છે. આજે 'લોક-૧' ભારતનાં ૧૬ રાજ્યોમાં ત્રીસેક લાખ હેક્ટરમાં વવાય છે. આ સંશોધન કેન્દ્રમાં દર વર્ષે ૮થી ૧૦ હજાર ઘઉં-છોડનો અલગ અલગ અભ્યાસ કરવામાં આવે છે. લોકભારતીએ 'લોક-બોલ્ડ' નામની એક એવી અપવાદરૂપ મોટી જાત વિકાસાવી છે કે જેનો દાણો અન્ય જાતના દાણાઓ કરતાં વજનમાં બમણો છે. આ ઉપરાંત સને ૨૦૨૦થી સોયાબીન અંગેનું સંશોધન કાર્ય ચાલી રહ્યું છે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (Farm Science Centre)





ભારત શરૂઆતથી જ એક ખેતી પ્રધાન દેશ રહ્યો છે. આથી, આપણા ભારત દેશના વિકાસ અને સમૃદ્ધિના મૂળ પાયામાં ખેતી અને ગામડાં રહેલાં છે. દેશમાં ખેતીના વિકાસ અને ગામડાંઓની આર્થિક સમૃદ્ધિ જાળવવાના ઉમદા હેતુથી શિક્ષણ કમિશનની ભલામણોને અનુસરીને કેન્દ્ર સરકારના 'ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ' નવી દિલ્હી દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી છે, જે અંતર્ગત ભાવનગર જિલ્લાનું 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના સંચાલન હેઠળ વર્ષ ૨૦૧૦માં સ્થાપવામાં આવ્યું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેના આરંભથી જ જિલ્લાના ખેડૂતોને ખેતીની નવીનતમ તકનીકોથી માહિતગાર કરવા તેમજ ઉપલબ્ધ કરાવવા પ્રયત્નશીલ છે. દેશના વિવિધ કૃષિ સંશોધન કેન્દ્રો પરથી ભલામણ થયેલ કૃષિ તજજ્ઞતાઓ અને તકનીકોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તાલીમો, અગ્રહરોળ નિદર્શનો, ખેત અખતરાઓ તેમજ કૃષિ મેળા, કૃષિ પ્રદર્શનો, ખેડૂત પરિસંવાદ વગેરે જેવી વિસ્તરણ પ્રવૃત્તિઓ દ્વારા ગામડે-ગામડે ખેડૂતો સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. જેના પરિણામે જિલ્લાના ખારાશવાળા વિસ્તારોમાં જમીનની ખારાશ સહન કરી શકે તેવી ઘઉંની જાત, ખેતીમાં બિનરાસાયણિક અને જૈવિક કૃષિ સામગ્રીનો વપરાશ, વિવિધ પાકોની નવી ભલામણ થયેલી જાતો, સરગવો, ચણા જેવા નવા પાકો



તેમજ ખેતીમાં મહિલાઓની ભાગીદારી વધારવા જેવા સુધારા સ્થાપિત કરવામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કામગીરી ખૂબ જ અગ્રેસર રહી છે.

ખેડૂતો અને ખેતમહિલાઓની સાથે-સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લાના વિવિધ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના વિસ્તરણ કાર્યકરો તેમજ જિલ્લાના કૃષિ સામગ્રી વિક્રેતાઓને પણ સમયાંતરે નવી ભલામણ થયેલ કૃષિ તજજ્ઞતાઓ વિશે તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થીઓ સાચા અર્થમાં તાલીમબદ્ધ જ્ઞાન મેળવે તે હેતુથી વિવિધ નિદર્શન એકમો પણ સ્થાપિત કરવામાં આવેલ છે.

## લોકવિજ્ઞાન કેન્દ્ર



લોકોમાં વિજ્ઞાન પ્રત્યેનાં રુચિ-વલણ કેળવવાં અને જીવનમાં વૈજ્ઞાનિક અભિમુખતા ખીલવવાં, ૧૯૭૨થી 'લોકવિજ્ઞાન કેન્દ્ર' કાર્યરત છે. બાળકોમાં રહેલી જિજ્ઞાસા અને કુતૂહલ વૃત્તિને જાગૃત કરીને તેમનામાં વૈજ્ઞાનિક દષ્ટિનો સંચાર કરવા અનેકવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે. લોકો વિજ્ઞાનકેન્દ્રમાં નિયમિત આવે છે. અને વિજ્ઞાનકેન્દ્ર પણ લોકો વચ્ચે જાય છે. ગુજરાતમાં પ્રાથમિક શાળાના વિજ્ઞાનશિક્ષણને સરળ, રસિક અને સસ્તું કરવામાં સિંહફાળો આપનાર આ કેન્દ્ર ગુજરાતના પંદરેક જેટલાં લોકવિજ્ઞાન કેન્દ્ર માટે માર્ગદર્શક બની રહ્યું છે. આ કેન્દ્રને ગુજકોસ્ટ દ્વારા ગુજરાતના વિજ્ઞાન શિક્ષકો માટે આજે એક 'રિસોર્સ સેન્ટર' તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. ગામડાંઓની પ્રાથમિક શાળાઓનું શિક્ષણ ગુણવત્તા સભર કરવા અને ગ્રામીણ લોકોના જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ ખીલવવા સુસજ્જ મોબાઈલ વાહનો દ્વારા ગ્રામાભિમુખ કેળવણી આપવાનો બહુહેતુક પ્રયોગ ગુજરાતના બારેક કેન્દ્રો દ્વારા 'મોજીલું શિક્ષણ'ના નામે ચાલી રહ્યો છે.



## ગૌશાળા



લોકભારતીએ તેના આરંભકાળથી જ આસપાસનાં ગામડાંઓની ગીર ગાયની ઓલાદનાં સંરક્ષણ અને સંવર્ધન માટેનું કાર્ય કરીને, ગાયની સ્થાનિક ગીર જાતને પ્રસારીને, ગોપાલકોને આર્થિક લાભ અપાવવામાં મોટો ફાળો આપીને પોતાની એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. પરિસરના વિદ્યાર્થીઓ તથા પરિવારજનોની દૂધની જરૂરિયાત પૂરી પાડવા ઉપરાંત ગોપાલન ભણતાં વિદ્યાર્થીઓ માટેની એ જીવંત પ્રયોગશાળા બની રહી છે. અહીંની ગાયોએ રાજ્ય તેમજ દેશ કક્ષાએ ઉત્પાદન અને તંદુરસ્તીના ક્ષેત્રે નોંધપાત્ર દેખાવ કરી ગૌશાળાને પ્રતિષ્ઠા અપાવી છે.



## પ્લગ નર્સરી - લોક નર્સરી

લોકભારતીના પ્રારંભના ઉજ્જડ પ્રાંગણને સુંદર અને સુશોભિત કરવાનો યશ આ વિભાગને જાય છે. આ વિભાગમાં, બગાયત વિષય ભણતાં વિદ્યાર્થીઓ, પ્રત્યક્ષ અભ્યાસ-તાલીમના ભાગરૂપે કલમો તૈયાર કરવી, રોપા-ઉછેર, માતૃછોડ માટે બીજ પાથરી કરવી, શાકભાજીની ખેતી, ફૂલછોડ અને હાઈડ્રોપોનિક્સ વગેરે શૈક્ષણિક કાર્યો સાથે સંકળાય છે. આ વિભાગ દ્વારા સારાં ફૂલછોડ-ફળનાં વૃક્ષો વિતરિત કરાય છે અને તેને લગતું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવે છે. ગ્રીન હાઉસ અને નેટ હાઉસમાં શાકભાજીના પ્રયોગો કરવામાં આવે છે. પરિસર પરની બસ્સો જેટલી વિવિધ વનસ્પતિનો અભ્યાસ-નિરીક્ષણ કરવાની તક વિદ્યાર્થીઓને સાંપડે છે.





## ગ્રંથાલય

લોકભારતીના હૃદયસમું ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી અને મરાઠી ભાષામાં સાંઠેક હજાર પુસ્તકો અને ૧૩૫ જેટલાં સામાયિકો સાથેનું સમૃદ્ધ ગ્રંથાલય અહીં છે. અહીં વિદ્યાર્થીઓ, કાર્યકરો અને કાર્યકર-પરિવારજનોને વિદ્યાભ્યાસ માટે પ્રમાણમાં વિશાળ અને આધુનિક-સુવિધાયુક્ત એવું, ૩૦૦ વાચકો એક સાથે બેસીને વાંચી શકે તેવી બેઠક-વ્યવસ્થાવાળું વાચનાલય છે. વૈવિધ્યભર્યા વિશાળ વાચન-સંદર્ભ માટે ઈન્ટરનેટ અને દૃશ્ય-શ્રાવ્ય સાધન-સામગ્રી પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.




## લોકભારતી - એક મહાન ભેટ

''આ એક જાતની ક્રાંતિ જ છે, ભલે તેને બીજું નામ આપો. આ એક અકિંચન બ્રાહ્મણની મહાન ભેટ છે. સૌરાષ્ટ્રને આજ સુધીમાં સરકાર તરફથી જે કંઈ મળ્યું હોય તેના કરતાં પણ ભેટ સવિશેષ ગૌરવપૂર્ણ છે.''


## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ

મુ. સણોસરા, તા. સિહોર, જિ. ભાવનગર. ગુજરાત રાજ્ય (ભારત) પીન : ૩૬૪૨૩૦

ટ્રસ્ટ રજી. નંબર ઈ-૧૩૫ (ભાવનગર)
PAN No. : AAATL3497N
TAN No. : AHML00716C

ટેલિ. નં. (02846) 283528
ઈમેઈલ : lokbharti@lokbharti.org
વેબસાઈટ : www.lokbharti.org